સંક્ષિપ્ત સમાચાર

અંકલેશ્વર નજીક ત્રણ બાઇક અથડાતાં યુવાન ગંભીર



અંકલેશ્વર: કોસમડી ગામે વાલિયા-અંકલેશ્વર માર્ગ પર રુદ્રાક્ષ રેસિડેન્સી નજીક ત્રણ બાઇક અથડાતાં એક યુવાન ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. 108ની ટીમે યુવાનને વધુ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. આ અકસ્માતને પગલે વાલિયા-અંકલેશ્વર માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જામ થયો હતો.

ભાદોલમાં અજાણ્યા વાહન અડફેટે વૃદ્ધનું મોત

કીમ: ભાદોલ ગામે સંસ્કાર ભારતી સ્કૂલ સામે રોડ પર ગત ૨૮ ઓક્ટોબરના રોજ સાંજે મજૂરીકામ પરથી પરત ફરી રહેલા ૭૦ વર્ષીય વૃદ્ધ ગાંડાભાઈ મેલજીભાઈ વસાવાને કોઈ અજાણ્યા વાહન ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી પાછળથી અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં વૃદ્ધને છાતી તથા પગના ભાગે ગંભીર ઈજા પહોંચતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રાથમિક સારવાર માટે ઓલપાડ સી.એચ.સી. અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન ૭ નવેમ્બરે તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના ભાણેજ ગુમાનભાઈ વસાવાએ કીમ પોલીસ મથકે અજ્ઞાત વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કેલાઈમાં બાઇક સ્લિપ થઈ જતાં યુવાનનું મોત

સોનગઢ: સોનગઢના કેલાઈ ગામની નહેર પાસે રેતીના કારણે બાઇક સ્લિપ થઈ જતાં યુવાન નહેરની પાકી દીવાલ સાથે અથડાયો હતો. જેને કારણે તેનું મોત થયું હતું. આમલી ગામના નવા ફળિયા ખાતે રહેતા ૨૧ વર્ષીય મનિકભાઈ રાકેશભાઈ ગામીત ગત ૭ નવેમ્બરે રાત્રે અંદાજે નવેક વાગ્યે સોનગઢથી પોતાની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઇકલ નં.(GJ-26 K 1643) લઈ ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન કેલાઈ ગામની નહેર ઉપર રોડ પર પડેલી રેતીના લીધે તેમનું વાહન અચાનક સ્લિપ થઈ ગયું હતું. મોટરસાઇકલ સ્લિપ થઈ સીધી નહેરની પાકી દીવાલ સાથે અથડાતાં મનિકભાઈને માથા તેમજ કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને વધુ પડતું લોહી વહી જવાથી તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને પોલીસ ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે સોનગઢ સરકારી હોસ્પિટલમાં પીએમની કાર્યવાહી હાથ ધરી ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ઉચ્છલના જામકી પાસે બાઇક અડફેટે આધેડનું મોત

વ્યારા: ઉચ્છલ તાલુકામાં સુરત-ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર રોડ ક્રોસ કરતાં આધેડને બાઇક ચાલકે ટક્કર મારતાં 52 વર્ષીય આધેડનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ ગત તા.7-11-2026ના રોજ જ્ઞાનેશ્વર લખા ભલકારે (ઉં.વ.52) (રહે.,જયતાને ગામ, ધનગરવાડા, તા.સાક્રી, જિ.ધુલિયા, મહારાષ્ટ્ર) ઉચ્છલના જામકી પાસે પેટ્રોલ પંપની સામે પોતાનો અશોક લેલેન્ડ ટેમ્પો નં.(MH 18 BG 6094)ને રોડની બાજુમાં પાર્ક કરી ચાલતા ચાલતા હાઇવે ક્રોસ કરી હોટલમાં જમવા જઈ રહ્યા હતા. દરમિયાન મોટરસાઇકલ નં.(GJ 26 AL 4971)ના ચાલકે પોતાની મોટરસાઇકલ બેદરકારી હંકારી લાવી આધેડને ટક્કર મારતાં ગંભીર ઈજા થતાં 52 વર્ષીય આધેડનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જે અંગે ઉચ્છલ પોલીસે મૃતક આધેડના મોટા ભાઈની ફરિયાદ લઈ બાઇક નં.(GJ 26 AL 4971)ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ કરી છે.

ભરૂચ-દહેજ માર્ગ ઉપર કન્ટેનર પલટી ગયું



ભરૂચ: ભરૂચ-દહેજ માર્ગ પર હિંગલોટ ગામ નજીક એક કન્ટેનર પલટી ખાઈ ગયું હતું. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. કન્ટેનર રસ્તા પર પલટી જતાં સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થયાના સમાચાર મળી રહ્યા નથી.

રાજપીપળામાં સંતોષ ચોકડી પાસે અકસ્માતમાં મહિલા ઘાયલ

સુરત: રાજપીપળાની સંતોષ ચોકડી રોડ પર પૂરઝડપે આવી રહેલી એક ફોર વ્હીલ ગાડીએ પગપાળા જઈ રહેલી મહિલાને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. તિલકવાડીના કોયારી ગામનાં રહેવાસી ૪૯ વર્ષીય સુમિત્રાબેન તડવી ગત ૧૮ ઓક્ટોબરના રોજ તેમની ભત્રીજી સાથે રાજપીપળા સ્થિત હરસિદ્ધિ માતાજીના મંદિરે દર્શન કરવા પગપાળા જઈ રહ્યાં હતાં. એ સમયે બપોરે એક વાગ્યાના અરસામાં ગાડી નં.(GJ-22-H-5264) ના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી તેઓને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં સુમિત્રાબેનને ડાબા હાથના કાંડાના ભાગે ગંભીર ફ્રેક્ચર અને શરીરે નાની-મોટી ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજપીપળા સિવિલ અને ત્યારબાદ ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં હાથનું ઓપરેશન કરાવવું પડ્યું હતું. સારવાર બાદ સ્વસ્થ થતાં સુમિત્રાબેને ૭ નવેમ્બરે રાજપીપળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફોર વ્હીલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તુણા ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયા

નેત્રંગ: વાલિયાના તુણા ગામના નિશાળ ફળિયામાં નદી કિનારે બોરડીના ઝાડ નીચે મોબાઇલ બેટરીના અજવાળે ખુલ્લામાં જુગાર રમાતો હોવાની વાલોડ પોલીસને બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડીને ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતા સોડગામના કમલેશભાઈ વસાવા, સુરેશભાઈ વસાવા અને તુણાના કૈલાસભાઈ વસાવા નામના ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતા. જ્યારે તુણાના ઈશ્વરભાઈ વસાવા, અતુલભાઈ વસાવા, રાજ વસાવા, મુકેશ ઉર્ફે મુકોઅંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ થયા હતા. પોલીસે દરોડા દરમિયાન આરોપીઓની અંગજડતી અને દાવ પરથી કુલ ૧૦,૮૪૦ રૂપિયાની રોકડ રકમ, ૫,૦૦૦ રૂપિયાની કિંમતનો એક એન્ડ્રોઇડ મોબાઇલ તેમજ ગંજીપાના મળી કુલ ૧૫,૮૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે આ મામલે પકડાયેલા અને નાસી છૂટેલા તમામ આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

કવચીયામાં જુગાર રમતા ત્રણની અટકાયત

નેત્રંગ: નેત્રંગના કવચીયા ગામની સીમમાં કેનાલ કિનારા નજીક ખુલ્લી છાપરીમાં અંધારામાં ટોર્ચના અજવાળે પત્તાંનો જુગાર રમતા ઈસમો પર પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી ત્રણ આરોપી કવચિયાના રવિશંકરભાઈ ચૌધરી, નાસારપોરના ભૂપેન્દ્રભાઈ વસાવા અને નિખિલભાઈ વસાવાને ઝડપી પાડ્યા હતા. જ્યારે કવચિયા ગામના આનંદભાઈ વસાવા, સુભાષ વસાવા, બ્રિજેશ વસાવા અને વિશાલ વસાવા નામના ચાર ઈસમ અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ થયા હતા. પોલીસે પકડાયેલા આરોપીઓની અંગજડતી અને દાવ પરથી કુલ 1700 રૂપિયાની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે નેત્રંગ પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

વાંસદા ધરમપુરીના શ્રદ્ધાળુઓની કારને સાગબારામાં અકસ્માત, એકનું મોત

દેવમોગરા માતાના દર્શન કરી પરત ફરતી વેળા શ્રદ્ધાળુઓની કાર પલટી, સાત ઘાયલ



નિલેશ કાપડિયા

સાગબારા, ચિકદા, વાંસદા: વાંસદાના ધરમપુરી ગામના શ્રદ્ધાળુઓ દેવમોગરા માતાનાં દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. ત્યારે પાડા ગામ નજીક શનિવારે બપોરે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. મારુતિ સુઝુકી સુપર કેરી કાર રસ્તા પરથી ચાલકનો કાબૂ ગુમાવતાં ઝાડ સાથે અથડાઈને પલટી ખાતાં એક શખ્સનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે સાતને ઈજા થઈ હતી.

વાંસદા તાલુકાના ધરમપુરી ગામે રહેતા ૨૫ વર્ષીય અંકિતભાઈ સુરેશભાઈ ગામીત ખેતી કરીને ગુજરાન ચલાવે છે. તેમણે અને તેમના ગામના મિત્રવર્તુળોએ ભેગા થઈ કુળદેવી દેવમોગરા માતાનાં દર્શન કરવાનું નક્કી કર્યું હતું. તેઓએ ગત ૭મી નવેમ્બરના રોજ મારુતિ વાન નં.(GJ-21-Y-1195) માં દેવમોગરા માતાજીનાં દર્શન માટે પ્રયાણ કર્યું હતું.

દર્શન કરીને પરત ફરતી વખતે બપોરે આશરે ૨:૧૫ વાગ્યે પાડા ગામ વટાવીને રોડના ઊતરતી ઢાળના વળાંકમાં ચાલક દિવ્યેશભાઈ મહેન્દ્રભાઈ ગામીતે ગાડીને પૂરઝડપે રીતે હંકારી સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં ગાડી રોડની બાજુમાં આવેલા ઝાડ સાથે અથડાઈને પલટી ખાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં કારની પાછળની ખુલ્લી બોડીમાં બેઠેલા ૩૮ વર્ષના જયેશભાઈ ઠાકોરભાઈ ગામીતને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઉપરાંત ધર્મેશભાઈ જે.ગામીત, રજનેશભાઈ જી.ગામીત, પ્રિયાંશભાઈ જે.ગામીત, પ્રકાશભાઈ જી.ગામીત, પ્રિન્કેશભાઈ એસ.ગામીત, વિશાલભાઈ એ.પટેલ અને વિરલભાઈ એ.પટેલને જુદા જુદા ભાગે ઈજાઓ થઈ હતી. તેમજ ચાલક દિવ્યેશભાઈને ડાબી આંખ પાસે સામાન્ય ઈજા થઈ હતી. આ બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઘાયલોને સારવાર માટે સાગબારા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત રજનેશભાઈને વધુ સારવાર માટે રાજપીપળા ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે સાગબારા પોલીસ સ્ટેશનમાં મારુતિ ચાલક દિવ્યેશભાઈ સામે ગફલતભરી રીતે હંકારવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો.

સુરાલી ગામે ધોળા દિવસે ગણેશ મંદિરની દાનપેટીમાંથી ચોરી

3 હજારની ચોરી કરી ત્રણ ગઠિયા બાઇક પર ફરાર થઈ ગયા

બારડોલી: બારડોલીના સુરાલી ગામમાં આવે લા ગણેશજીના મંદિરમાં ધોળા દિવસે ત્રણ અજાણ્યા ચોર ઇસમોએ ત્રાટકીને દાનપેટીમાંથી આશરે રૂ.3 હજારની રોકડ રકમની ચોરી કરી બાઇક પર ફરાર થઈ જવાની ઘટના સામે આવી છે. આ અંગે ગામના જ એક ખેડૂતે બારડોલી રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી સીસીટીવી અને બાઇકના નંબરના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલીના સુરાલી ગામે હાટ ફળિયામાં ગણેશ જી મંદિરની બાજુમાં રહેતા અને ખેતી કરી પરિવારનું ગુજ રાન ચલાવતા 65 વર્ષીય નરેશભાઈ હિરાભાઈ મૈસુરીયાએ પોલીસમાં ફરિયાદ આપી હતી. ગતરોજ 7 નવેમ્બરે બપોરે આશરે 12:45 વાગ્યાના અરસામાં ત્રણ અજાણ્યા ચોર ઇસમો હાટ ફળિયામાં આવેલા ગણેશજીના મંદિરમાં પ્રવેશ્યા હતા. આ ઇસમોએ એકબીજાની મદદગારીથી મંદિરમાં મૂકવામાં આવેલી દાનપેટી તોડી નાંખી હતી. દાનપેટીમાંથી ભક્તો દ્વારા દાનમાં અપાયેલા આશરે 3,000 રૂપિયા જેટલા રોકડાની ચોરી કરી આ ગઠિયાઓ GJ-21-DD-7944 નંબરની મોટરસાઈકલ પર બેસીને ત્યાંથી નાસી છૂટ્યા હતા. ચોરીની આ ઘટના અંગે શરૂઆતમાં મઢી આઉટ પોસ્ટ ખાતે જાણ કરવામાં આવ્યા બાદ નરેશભાઈ મૈસુરીયાની ફરિયાદના આધારે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સાંજે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે ત્રણ અજાણ્યા બાઈકસવાર ચોર ઇસમો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. હાલ આ સમગ્ર મામલે બારડોલી રૂરલ પોલીસ મથકના પીએસઆઇ પી.ડી.ચૌધરીએ બાઇકના નંબરના આધારે આરોપી ઓને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

ડેડિયાપાડામાં વિદેશી દારૂ સાથે મોપેડ ઝડપાઈ, આરોપી ફરાર

ભરૂચ, ચિકદા: ડેડિયાપાડા પોલીસ ટીમને બાતમી મળી હતી કે, અક્કલકૂવાના મોરખી જાબી ફળિયાનો રહેવાસી રાકેશ પારતીયાભાઈ ઉર્ફે પ્રતાપભાઈ વસાવે પોતાની મોપેડ પર થેલામાં વિદેશી દારૂ ભરી મોરખીથી ગુજરાત તરફ દાંડાવાડી ગામના કાચા રસ્તા પર આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દાંડાવાડી ગામ પાસે વોચ ગોઠવી હતી. જે પોલીસને જોતા જ મોપેડ રસ્તા પર મૂકી ઝાડી-ઝાંખરા અને ડુંગર વચ્ચે થઈને ભાગી ગયો હતો. પોલીસે થેલો ખોલતાં તેમાં ખાખી રંગનાં બે પૂઠાનાં બોક્સ મળી આવ્યાં હતાં, જેમાં પ્લાસ્ટિકના ક્વાર્ટરમાં ભરેલી વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે બંને બોક્સ ખોલીને ગણતરી કરતાં કુલ ૯૬ પ્લાસ્ટિક ક્વાર્ટર મળી આવ્યા હતા. એક ક્વાર્ટરની કિંમત રૂ.૧૯૨ લેખે કુલ દારૂની કિં.રૂ.૧૮,૪૩૨ થાય છે. ઉપરાંત મોપેડ નં. (MH-39-AT-3787)ની અંદાજિત કિં.રૂ.૩૦,૦૦૦ ગણી કુલ કિં.રૂ.૪૮,૪૩૨નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ગુનો નોંધી વોન્ટેડ આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કર્યાં છે.

ભરૂચ-કીમ એક્સપ્રેસ-વે તહેવારોમાં મુસાફરો માટે માથાનો દુખાવો બન્યો

ખરાબ રોડ અને તૂટેલા બ્રિજથી ભારે હાલાકી

ભરૂચ: દિવાળીના તહેવારોમાં પોતાના વતન જવા માટે સૌ લોકો સમયસર નીકળવા તત્પર હોય છે. દરમિયાન પોતાના પ્રદેશ સુધી ઝડપથી પહોંચવાની લ્હાયમાં લોકો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેનો લાભ લેવાનું ચૂકતા નથી. જોકે, ભરૂચ પાસે આવેલા અંકલેશ્વરથી કીમ સુધીના રોડ પર લાંબા સમયથી PQCનો પ્રોબ્લેમ સહિત બ્રિજ વારંવાર તૂટવાની ઘટનાઓ સામે આવી રહી છે. આ કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મુસાફરોએ વારંવાર તંત્રને જાણ કરવા છતાં રોડની ખરાબ ક્વોલિટીથી વાકેફ હોવા ઉપરાંત પણ હજુ સુધી કામગીરીમાં વિલંબ કરવામાં આવી રહ્યો છે. જેના કારણે મુસાફરોમાં નારાજગી ઉદભવી રહી છે. કેન્દ્રીય રોડ મંત્રી નીતિન ગડકરીનો ડ્રીમ પ્રોજેક્ટ હોવા છતાં પણ ભરૂચથી કીમ રોડ મુસાફરો માટે માથાનો દુખાવો સમાન બની ગયો છે. આ રોડ બન્યા બાદ અગાઉથી પ્લેન સિમેન્ટ કોન્ક્રીટમાં કથિત ખામી સામે આવી છે.

અગાઉ તિરાડો પડવી અને ગેપ થવાની ઘટનાઓ મુસાફરોએ નજરે નિહાળી હતી. તેમાં પણ પાંચેક મહિના પહેલા અંકલેશ્વર પાસે પીલુદરામાં એક બ્રિજ 7થી 8 ફૂટ તૂટી પડ્યો હતો. જેને લઈ વાહનોની અવરજવરમાં ભારે તકલીફ વેઠવાનો વારો આવ્યો હતો. મુસાફરોને આરામદાયક ટ્રાવેલિંગ આપવાની જગ્યાએ કરોડોના ખર્ચે બનેલો આ રોડ હેરાન કરનારો સાબિત થઈ રહ્યો છે. તંત્ર પણ આ બાબતથી વાકેફ હોવા છતાં હજુ સુધી કોઈ નક્કર પગલાં ભરવામાં આવ્યાં નથી. જેના કારણે દિવાળીના તહેવારોમાં વતન જતા મુસાફરોની મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો હોવાનો અહેસાસ થાય છે.

બુટવાડાની કંપનીમાં દિવાળી પર્વે કામદારો પગાર-બોનસથી વંચિત

મનોહર કેપિટલ કંપનીનો કોન્ટ્રાક્ટર વાયદો કરી પગાર આપવાને બદલે રફુચક્કર થઈ ગયો



વાલોડ: વાલોડના બુટવાડા નજીક આવેલી એક કંપનીમાં કામદારોને સામી દિવાળીએ પગાર તેમજ બોનસ આપવામાં ન આવતાં કામદારો કંપનીમાં પહોંચ્યા હતા અને પોતાના હક્કના પૈસાણી માંગણી કરતાં કોન્ટ્રાક્ટરે કામદારોને ફોન ઉપર ધમકી આપતાં મામલો પોલીસ મથકે પહોચ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડના બુટવાડા નજીક મનોહર કેપિટલ માર્કેટ લિ. નામની કંપની આવેલી છે. આ કંપનીમાં આદિવાસી વિસ્તારના લોકો કોન્ટ્રાક્ટ સિસ્ટમથી કામ કરે છે, જેમાં રાહુલભાઈ નામનો કોન્ટ્રાક્ટર આ કંપનીમાં કોન્ટ્રાક્ટ રાખે છે અને તેના નેજા હેઠળ આદિવાસી માણસો કામ કરતા આવ્યા છે. દિવાળીનો તહેવાર શરૂ થઈ ગયો છે, છતાં કોન્ટ્રાક્ટર દ્વારા કામદારોને પગાર કે બોનસ ચૂકવવામાં આવ્યું નથી. આદિવાસી કામદારોએ કોન્ટ્રાક્ટર પાસે પોતાના મહેનતના પૈસાની માંગણી કરતાં તેણે જણાવ્યું હતું કે, મનોહર કંપની દ્વારા મને 50 ટકા પગાર આપવા જણાવ્યું છે. તો તેણે કામદારોને આજરોજનો વાયદો કર્યો હતો. જેથી મજૂરો રવિવારે પોતાની મહેનતના પૈસા લેવા ગયા હતા તો કોન્ટ્રાક્ટર ત્યાં આવ્યો જ ન હતો અને ફોન પણ ન ઉપાડી રફુચક્કર થઈ ગયો હોવાનું જાણવા મળે છે. તેમ છતાં કેટલાક કામદારોએ ફોન કરતાં અમુક લોકોનો ફોન ઉપાડી કોન્ટ્રાક્ટરે કંપનીના એચ.આર. વિભાગમાંથી પૈસા લઈ લો મુજબનું જણાવી કામદારોને ફોન ઉપર ધમકી આપી હતી કે તમારાથી થાય તે કરી લો મારી પોલીસમાં ઘણી ઓળખાણ છે. મારું તમે કશું બગાડી લેશો નહીં મુજબની ધમકી આપતાં સંજય પટેલ, રોહન ગામીત સહિત કામદારોએ પોલીસને ફરિયાદ કરતાં પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખેરવાડામાં પિકઅપ ટેમ્પોની અડફેટે બાઈક ચાલક ઘાયલ

સોનગઢ: સોનગઢના ખેરવાડા ગામે ફોરેસ્ટ ઓફિસ અને શીતળા માતા મંદિર નજીક વળાંકમાં અકસ્માત થયો હતો. ૬ નવેમ્બરે બપોરે ૧૨:૧૫ વાગ્યે પોતાના મોટા ભાઈને ગામતળાવ ફળિયામાં મૂકીને બાઈક નં.(GJ-26-AD-9367) પર પરત ફરી રહેલા ૩૪ વર્ષીય દિલીપભાઈ સામજીભાઈ વસાવાને સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા પિકઅપ ટેમ્પોના ચાલકે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં દિલીપભાઈને ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે ટેમ્પો ચાલક વાહન લઈને ભાગી છૂટ્યો હતો. ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

વટારિયાની ગણેશ સુગર ફેક્ટરી પર હરાજીનું સંકટ ટળ્યું

સહકારી મોભીઓના પ્રયાસથી શેરડી ઉત્પાદકોમાં આનંદ

ભરૂચ: દિવાળીના દિવસે વટારિયામાં આવેલી ગણેશ સુગર ફેક્ટરી પર હરાજીનું સંકટ સહકારી મોભીઓના પ્રયાસથી ટળી ગયું છે. જેને લઈને શેરડી ઉત્પાદકોના ચહેરા આનંદમય બની ગયા છે.

ભરૂચ જિલ્લામાં સૌપ્રથમ બનેલી વટારિયાની ગણેશ સુગર ફેક્ટરીમાં હાલમાં સંકટનાં વાદળો ઘેરાયેલાં હતાં. અંદાજે રૂ.250 કરોડની માતબર અસ્ક્યામતો ધરાવતી આ સંસ્થા પાસે બાકી નીકળતા રૂ.48 કરોડની જવાબદારી હતી, જેમાં નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) દ્વારા આપેલી લોન સંબંધિત હરાજીની સત્તાવાર નોટિસ દિવાળી બાદ તા.18 નવેમ્બરે જાહેર કરવામાં આવી હતી. પિલાણ સિઝન હમણા જ શરૂ થઈ છે. ત્યાં જ આ સુગર ફેક્ટરી પર સંકટ સમય આવી પડ્યો હતો. જોકે, ભૂતકાળમાં સુવર્ણકાળ ધરાવતી ગણેશ સુગર ફેક્ટરીને આર્થિક સંકડામણમાંથી બચાવવા માટે આખરે અરુણસિંહ રણા સહિત સહકારી મોભીઓએ કમર કસી હતી, જેમાં સરકાર અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક મદદરૂપ થતાં હવે શેરડી ઉત્પાદકોએ રાહત અનુભવી છે.

અરેઠથી ચુડેલ જતા રોડ પર અકસ્માત, એકનું મોત

માંડવી: તડકેશ્વર પોલીસ મથક હદ વિસ્તારમાં આવેલા અરેઠથી ચુડેલ જતા રોડ પર ફળી ગામની સીમમાં મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. ઉંટેવા ગામના ૨૯ વર્ષીય રવીનભાઈ અરવિંદભાઈ ગામીત પોતાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઇક નં.(GJ.19 AJ.3486) પર પાછળ મિત્ર નિકુંદભાઈને બેસાડીને જઈ રહ્યા હતા. દરમિયાન પૂરઝડપે હંકારાયેલી બાઇક રોડ પર સ્લિપ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં રવીનભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલા નિકુંદભાઈને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે બારડોલી બાદ ૧૦૮ મારફતે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. આ મામલે મૃતકના મોટા ભાઈ સુનીલભાઈ ગામીતની ફરિયાદના આધારે તડકેશ્વર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લામાં દિવાળીના પર્વમાં 108 અને 112 સેવાઓ એલર્ટ

69 એમ્બ્યુલન્સ અને PCR વાન સાથે 190થી વધુ કર્મચારી 24 કલાક ફરજ પર તૈનાત રહેશે

ભરૂચ: દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજના તહેવારો દરમિયાન ઈમરજન્સી કેસ વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખી ભરૂચ જિલ્લામાં 108 અને 112 સેવાઓએ ખાસ આયોજન કર્યું છે. જિલ્લામાં 108ની 34 એમ્બ્યુલન્સ અને 112ની 35 પીસીઆર (PCR) વાન સાથે 190થી વધુ કર્મચારીઓ 24 કલાક ફરજ પર એલર્ટ રહેશે. તહેવારો દરમિયાન સેવા ચાલુ રહે તે માટે કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે. ફટાકડાથી આગ લાગવાની ઘટનાઓ, માર્ગ અકસ્માત અને અન્ય મેડિકલ ઈમરજન્સીનો સામનો કરવા ટીમોને તૈયાર રાખવામાં આવી છે. ઈમરજન્સીમાં મદદ માટે નાગરિકોને 108 અથવા 112 નંબર પર ફોન કરવા અપીલ કરવામાં આવી છે.

રાજપીપળાનો યુવાન ઘરેથી નીકળ્યા બાદ ગુમ

સુરત: રાજપીપળાના મોતી બાગ વિસ્તારમાં રહેતા અને ચૌલા મંડળ ફાઈનાન્સમાં નોકરી કરતા ૨૭ વર્ષીય હિતેશભાઈ ગીરીશભાઈ વસાવા ગત ૫ નવેમ્બરના રોજ બપોરે હપ્તો વસૂલવા માટે કાકડવા ગામે જવા પોતાના ઘરેથી નીકળ્યા હતા. બપોરે ૧૨:૫૫ વાગ્યે રાણીપુરા બસ સ્ટેશન પાસે પહોંચ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. ત્યારબાદ તેમનો મોબાઈલ ફોન બંધ આવવા લાગ્યો હતો અને મોડે સુધી તેઓ ઘરે પરત ન ફરતાં પરિવાર દ્વારા શોધખોળ કરવામાં આવી હતી. કાળા રંગની ટી-શર્ટ, લોઅર અને સ્કૂટર પર નીકળેલા હિતેશભાઈનો પત્તો ન મળતાં તેમની પત્ની હિરલબેને રાજપીપળા પોલીસ સ્ટેશનમાં તેઓ ગુમ થયા હોવાની કે અપહરણ થયાની શંકા વ્યક્ત કરી ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વ્યારાની રેફરલ હોસ્પિટલનાં મહિલા ડોક્ટર સાથે ઠગાઈ કરનારો ઝડપાયો

મહિલા ડોક્ટર પાસેથી વીમા પોલિસીના બહાને રૂ.45.13 લાખ પડાવી લીધા હતા



વ્યારા: વ્યારામાં રેફરલ હોસ્પિટલમાં ફરજ બજાવતી મહિલા ડોક્ટર સાથે વીમા પોલિસીના નામે લાખો રૂપિયા પડાવી લેવાના કિસ્સામાં તાપી સાઈબર ક્રાઈમ પોલીસે મુખ્ય સૂત્રધારને દબોચી લીધો છે.

વ્યારા રેફરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા એક મહિલા ડોક્ટરે વીમા પોલિસી લેવાના ચક્કરમાં 45.13 લાખ રૂપિયા ગુમાવ્યા હતા. જે અંગે મહિલા ડોક્ટર દ્વારા વ્યારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતાં તાપી સાયબર ક્રાઈમ પોલીસ કામે લાગી હતી, જેમાં તાપી સાયબર ક્રાઈમ પોલીસે મહિલા ડોક્ટર સાથે લાખો રૂપિયાની ઠગાઈ કરનાર સાયબર ફ્રોડ ટોળકી પૈકી મુખ્ય આરોપી સુજીતકુમાર ઉબલેશ શર્મા (ઉં.વ.35) (રહે.,મકાન નં.612, ગલી નં.11, સેક્ટર-સી નંદબાગ કોલોની, ઈન્દોર, મધ્યપ્રદેશ, મૂળ રહે.,અમરા તલાબ, બિહાર)ને મધ્યપ્રદેશના ઈન્દોરથી ઝડપી પાડ્યો હતો. આરોપી સુજીત શર્મા અગાઉ વીમા કંપનીમાં એજન્ટ તરીકે કામ કરી ચૂક્યો હોવાથી વીમા પોલિસીના ગ્રાહકો સાથે કેવી રીતે વાત કરવી એ બખૂબી રીતે જાણતો હોવાથી પોતે પોતાની મૂળ ઓળખ છુપાવી પોતાનું નામ આશિષ ભટ્ટાચાર્ય તેમજ અન્ય અલગ અલગ નામો બતાવી વિવિધ વીમા કંપનીનાં હેડ અથવા મુખ્ય મેનેજર તરીકે ઓળખ આપી સમગ્ર દેશભરમાં અલગ અલગ નાગરિકોને ટાર્ગેટ બનાવી હપ્તા ન ભરેલી વીમા પોલિસી કે પોલિસી ક્લેઈમ પોતે કરી આપશે તેવો દાવો કરી ફાઈલ બનાવી ફાઈલ બનાવવા માટે તેમજ GST સહિત અલગ અલગ ચાર્જના નામે ગ્રાહકો પાસેથી ગુનાહિત રીતે નાણાં પડાવવામા માસ્ટર માઈન્ડ ધરાવે છે.

Milano MULTIPLEX
બારડોલી
Ramayana : Part 1
10:00am, 11:00am,
01:00pm, 02:00pm,
03:00pm, 05:00pm,
06:00pm, 08:00pm,
09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ

માંડવી તાલુકા ખેતીપાક વેચાણ અને રૂપાંતર કરનારી સહકારી મંડળી લિ. માંડવી તાલુકામાંથી 'અરેઠ તાલુકો' નવો અસ્તિત્વમાં આવ્યો હોવાથી, અરેઠ તાલુકાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા આ મંડળીના તમામ શેરધારક તથા સભાસદ ભાઈ-બહેનોને જોગ જણાવવાનું કે: તમો માંડવી તાલુકા ખેતીપાક વેચાણ અને રૂપાંતર કરનારી સહકારી મંડળી લિ. માં સભાસદ તરીકે ચાલુ રહેવા માગો છો કે કેમ? તે અંગેનો લેખિત જવાબ આપવા વિનંતી છે. જો કોઈ સભાસદ આ મંડળીમાં સભાસદ તરીકે ચાલુ રહેવા માંગતા ન હોય, તો સંસ્થામાં આપણું શેર સર્ટીફીકેટ જમા કરાવી પોતાનું રાજીનામું આપીને તમારા શેરના નાણાં પરત લઈ જવા વિનંતી છે. ઉપરોક્ત બાબતે હા કે ના નો લેખિત જવાબ આ નોટિસ પ્રસિદ્ધ થયાના દિન-૧૦ (દસ) માં અચૂક મોકલાવવા નમ્ર વિનંતી છે.

સ્થળ: રાઈસ મિલ (અંબાજી રોડ), મુ.પો. માંડવી, જિ. સુરત.

લિ.
પ્રમુખ - શ્રી નરપતસિંહ હરિસિંહ વાંસિયા